RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

સૌરાષ્ટ્ર આસપાસ

BHAVNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૩ કારતક વદ - ૩ શુક્રવાર, તા.૨૭-૧૧-૨૦૨૯ અંક : ૨૪ વર્ષ : ૨૪ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

સીમાંકન બિલ મુદ્દે દક્ષિણ ભારતના બે પક્ષનું NDAને શરતી સમર્થન

વાયએસઆર કોંગ્રેસે બિલને સમર્થનની ઈચ્છા વ્યક્ત કરી, DMKએ શરતી સમર્થનના સંકેત આપ્યા, NCP એ પણ વ્હિપ જાહેર કર્યું, વિપક્ષમાં ભારે હલચલ

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે ૩૦ નવેમ્બરથી લોકસભા અને ૨ ડિસેમ્બરથી રાજ્યસભાની વિશેષ બેઠકો બોલાવવાની જાહેરાત કરતાં જ દિલ્હીના રાજકારણમાં હલચલ તેજ બની છે.

૩ ડિસેમ્બર સુધી ચાલવાની સંભાવના ધરાવતા આ સત્રમાં સીમાંકન અને મહિલા અનામત સંબંધિત બંધારણીય સુધારા બિલ ફરી રજૂ થવાની અટકળો વચ્ચે દ્રઢછ ની સંખ્યાબળની કસોટી શરૂ થઈ ગઈ છે. અગાઉ એપ્રિલમાં બે-તૃતીયાંશ બહુમતીના અભાવે આ બિલ પસાર થઈ શક્યું નહોતું, ત્યારે આ વખતે સરકાર નવા સમીકરણો સાધવામાં વ્યસ્ત છે.

લોકસભામાં હાલ દ્રઢછ પાસે ૩૨૦ સાંસદો છે, જેમાં ભ્ત્ઁ ના ૨૪૧ અને સાથી પક્ષોના ૭૯ સાંસદો સામેલ છે. બંધારણીય સુધારા બિલ પસાર કરવા માટે બે-તૃતીયાંશ બહુમતીની જરૂર પડે છે, જેના કારણે NDA ને જરૂરી આંકડા સુધી પહોંચવા માટે અન્ય પક્ષોના સમર્થન અથવા ગેરહાજરીના ગણિત પર આધાર રાખવો પડશે.

સીમાંકન બિલને લઈને દક્ષિણ ભારતના પ્રાદેશિક પક્ષોના વલણમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. જયારે વાયએસઆર કોંગ્રેસે (૪ સાંસદો) પ્રસ્તાવિત બિલને સમર્થન આપવાની ઈચ્છા વ્યક્ત કરી છે. અગાઉ વિરોધ કરનાર દ્રસ્દ્ધ (૨૨ સાંસદો) એ શરતી સમર્થનના સંકેત આપ્યા છે. દ્રસ્દ્ધ ની માંગ છે કે બિલમાં લેખિત જોગવાઈ કરવામાં આવે કે લોકસભામાં તમિલનાડુની ૭.૨ ટકા હિસ્સેદારી જળવાઈ રહે અને આગામી સીમાંકન ૨૫ વર્ષ સુધી ટાળી દેવામાં આવે.

વિપક્ષી છાવણીમાં એક તરફ આક્રમકતા છે તો બીજી તરફ મતભેદ પણ દેખાઈ રહ્યા છેઃ કોંગ્રેસના નેતા જયરામ રમેશે આ પગલાંને બંધારણ પર હુમલો ગણાવ્યું છે અને માંગ કરી છે કે સીમાંકન સાથે જોડ્યા વિના હાલની ૫૪૩ બેઠકો પર જ મહિલા અનામત લાગુ કરવું જોઈએ..શરદ પવારની દ્રઝ઼ (જીઁ) એ પોતાના સાંસદો માટે વ્હિપ જારી કર્યો છે, પરંતુ સાંસદ સુપ્રિયા સુળેએ નરમ વલણ અપનાવતા કહ્યું છે કે બિલનો મુસદ્દો જોયા બાદ અને દેશહિતમાં હોય તો સમર્થન પર વિચાર થઈ શકે છે.

અમેરિકામાં થેન્ક્સગિવિંગ પર મહાવાવાઝોડાથી તબાહી

૧૧૨ કિમીની ઝડપે ફૂંકાયેલા પવનથી વૃક્ષો અને વીજ થાંભલા ધરાશાયી; ૯ લાખ ઘરોમાં અંધારપટઃ સેંકડો ફ્લાઈટ્સ રદ, હજારો મુસાફરો અટવાયા; ન્યૂ જર્સીમાં કટોકટી જાહેર કરી

ન્યૂજર્સી,

અમેરિકાના પૂર્વ ભાગમાં થેન્ક્સગિવિંગના સમયે ત્રાટકેલા શક્તિશાળી વાવાઝોડાએ ભારે તબાહી સર્જી છે. ભારે પવન, મૂશળધાર વરસાદ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિને કારણે લાખો લોકો પ્રભાવિત થયા છે અને તહેવારની મુસાફરી પર માઠી અસર પડી છે. હવામાન વિભાગે આ સ્થિતિને તાજેતરના ઈતિહાસના સૌથી મોટા થેન્ક્સગિવિંગ તોફાન તરીકે વર્ણવી છે.

વીજ પુરવઠા પર નજર રાખતી વેબસાઈટ પોવર આઉટેજના અહેવાલ મુજબ, ગુરુવાર સાંજ સુધીમાં મધ્ય-પશ્ચિમ અને ઉત્તર-પૂર્વ વિસ્તારમાં આશરે નવ લાખ ગ્રાહકો વીજળી વિના રહ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર પેન્સિલવેનિયામાં ૨.૧૩ લાખથી વધુ, વર્જિનિયામાં ૧.૫ લાખથી વધુ અને મિસૂરીમાં લગભગ ૧.૨ લાખ ગ્રાહકોને વીજળી મળી શકી ન હતી. વર્જિનિયામાં આશરે બે લાખ અને મેરીલેન્ડમાં ૧.૭૭ લાખ ઘરો તથા વેપારી સંસ્થાઓમાં અંધારપટ છવાયો હતો.પૂર્વ કિનારાના વિસ્તારોમાં ૧૧૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા પવને અનેક વૃક્ષો અને વીજ થાંભલા ધરાશાયી કર્યા હતા. નેશનલ વેધર સર્વિસના જણાવ્યા



મુજબ ડેલાવેર, ન્યૂ જર્સી અને દક્ષિણ-પૂર્વ પેન્સિલવેનિયામાં વૃક્ષો અને વીજ લાઈનો તૂટી પડવાથી મોટા પાયે વીજ કાપ સર્જાયો છે.

થેન્ક્સગિવિંગના સમયે આવેલા આ તોફાને હવાઈ પ્રવાસીઓની મુશ્કેલીમાં મોટો વધારો કર્યો છે. સમગ્ર દેશમાં સેંકડો ફ્લાઈટ્સ રદ થઈ છે અને હજારો ફ્લાઈટ્સ મોડી પડી રહી છે, જેના કારણે હજારો મુસાફરો એરપોર્ટ પર અટવાઈ ગયા છે. ફ્લાઈટઅવેરના ડેટા અનુસાર ગુરુવારે અમેરિકન હવાઈ મથકો પર ૩૫૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને લગભગ ૭૦૦ ફ્લાઈટ્સમાં વિલંબ થયો હતો.

અમેરિકન ઓટોમોબાઈલ અસોસિએશનના અંદાજ મુજબ થેન્ક્સગિવિંગ આસપાસના સાત દિવસ દરમિયાન ૮.૧૫ કરોડ અમેરિકનો ઓછામાં ઓછા ૫૦ માઈલ દૂર પ્રવાસ કરવાના હતા.

વડોદરાથી જૈશ-એ-મોહમ્મદનો શંકાસ્પદ આતંકી ઝડપાયો

ગુજરાત ATSએ જરોદમાંથી AK-47 અને ૨૩ કારતૂસ સાથે આસામના શખસની અટકાયત કરી, રાજ્યની સુરક્ષા એજન્સીઓ હાઈએલર્ટ પર



વડોદરા રેલવે સ્ટેશન નજીક રોકાયો હતો

ઝડપાયેલા આતંકીને લઈ મહત્વનો ખુલાસો થયો છે. જાહેર સ્થળ પર આતંક ફેલાવવા હેતુથી આસામથી બસ અને ટ્રેન મારફતે આતંકી આવ્યો હતો. જે વડોદરામાં રેલવે સ્ટેશન નજીક રોકાયો હતો. છેલ્લા ૬ મહિના કરતા વધુ સમયથી છૂજીની ટીમ આતંકીની શોધમાં હતી. ત્યારે આજે જરોદમાં રેડ કરીને છદ્ધ ૪૭ રાઈફલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. આતંકીના મોબાઈલની પ્રાથમિક તપાસમાં જૈશ-એ-મોહમ્મદનું સાહિત્ય મળી આવ્યું છે.

વડોદરા,

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડએ રાજ્યમાં મોટી કાર્યવાહીમાં મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. વડોદરાના જરોદ વિસ્તારમાંથી ગુજરાત છૂજીની ટીમે આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદસાથે સંકળાયેલા શંકાસ્પદ આતંકીની ધરપકડ કરી છે. આ શંકાસ્પદ આતંકી મૂળ આસામનો હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. આરોપી પાસેથી છદ્ધ-૪૭ રાયફલ અને ૨૩ જીવતા કારતૂસ મળી આવતા સમગ્ર રાજ્યની સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર આવી ગઈ છે.

સુરક્ષા એજન્સીઓને મળેલી ચોક્કસ બાતમીના આધારે ગુજરાત છૂજીની ટીમે વડોદરાના જરોદ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા જરોદ બસ સ્ટેન્ડ નજીક ગુપ્ત વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હિલચાલ જણાતા ટીમે ત્વરિત કાર્યવાહી કરીને મૂળ આસામના રહેવાસી એવા આ શખ્સને દબોચી લીધો હતો. તલાશી દરમિયાન તેની પાસેથી છદ્ધ-૪૭ રાયફલ તથા ૨૩ જીવતા કારતૂસ મળી આવતા અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. છૂજીએ તાત્કાલિક અસરથી આ ઘાતક હથિયારો કબજે લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આરોપી આ ઘાતક છદ્ધ-૪૭ રાયફલ અને કારતૂસ ક્યાંથી અને કોની પાસેથી લાવ્યો હતો? તે દિશામાં અત્યારે તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ સાથે વડોદરા અથવા ગુજરાતમાં તે આ હથિયાર કોને પહોંચાડવાનો હતો? રાજ્યમાં તેના અન્ય કોઈ સાગરીતો સક્રિય છે કે કેમ? અને આ હથિયારોનો ઉપયોગ ગુજરાતમાં કે દેશના અન્ય કોઈ ભાગમાં કયા હેતુસર થવાનો હતો? તે દિશામાં પણ ગુજરાત એટીએસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

વડોદરા એરફોર્સ સ્ટેશન પર હુમલાનો પ્લાન હતો

ગુજરાત ATS એ જણાવ્યું કે, વડોદરાથી ઝડપાયેલા આતંકીનો વડોદરા એરફોર્સ સ્ટેશન પર હુમલાનો પ્લાન હતો. પાકિસ્તાનથી જૈસ એ મોહમ્મદના હેન્ડલરના સંપર્કમાં હતો. આતંકીના ફોનમાંથી વડોદરા એરફોર્સ સ્ટેશનના ફોટો અને વીડિયો મળ્યા છે.

LoC પર ભારતની સુરક્ષા વધુ અભેદ્ય થશેઃ પાકિસ્તાન સરહદે S-400ની પાંચમી ઢાલ તૈનાત કરવાની તૈયારી

૭૪૦ કિમી લાંબી નિયંત્રણ રેખા પર હવાઈ સુરક્ષા મજબૂત કરાશે; વાયુસેનાની ટીમ આગામી મહિને રશિયા જઈ સિસ્ટમનું નિરીક્ષણ કરશે, ફેબ્રુઆરી ૨૦૨૭ સુધીમાં તૈનાતીનું લક્ષ્ય

નવી દિલ્હી,

પાકિસ્તાન તરફથી સરહદ પર ઊભા થતા સુરક્ષાના પડકારો વચ્ચે ભારત જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર પોતાની હવાઈ સુરક્ષા વધુ મજબૂત કરવાની તૈયારી કરી રહ્યું છે. ભારત દ્વારા પાકિસ્તાન સાથે જોડાયેલી આશરે ૭૪૦ કિલોમીટર લાંબી નિયંત્રણ રેખા પર રશિયન બનાવટની અત્યાધુનિક S-400 એર ડિફેન્સ સિસ્ટમની પાંચમી બેટરી તૈનાત કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. આ પગલાથી સરહદ પર દુશ્મન દેશના ફાઇટર જેટ, મિસાઇલ અને ડ્રોન જેવા હવાઈ જોખમો સામે ભારતની સંરક્ષણ ક્ષમતા વધુ મજબૂત બનશે.

અહેવાલો અનુસાર, ભારતીય વાયુસેનાની એક વિશેષ ટીમ આગામી મહિને રશિયાની મુલાકાત લેશે. આ દરમિયાન નવી S-400 સિસ્ટમનું પ્રી-ડિસ્પેચ નિરીક્ષણ કરવામાં આવશે. નિરીક્ષણની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આ સિસ્ટમ ભારત લાવવામાં આવશે અને ફેબ્રુઆરી ૨૦૨૭ સુધીમાં તેને તૈનાતી માટે તૈયાર કરવાની યોજના છે. જોકે, આ અંગે કેન્દ્ર સરકાર દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

ભારત પાસે હાલમાં ચાર S-400 એર ડિફેન્સ સિસ્ટમ કાર્યરત છે. આ સિસ્ટમોમાંથી ત્રણ પંજાબ, રાજસ્થાન અને ગુજરાતમાં તૈનાત કરવામાં આવી છે, જ્યારે ચોથી સિસ્ટમ આસામમાં સ્થાપિત છે. આસામમાં તૈનાત સિસ્ટમ ચીન સાથે જોડાયેલી અરુણાચલ પ્રદેશની સરહદ પર હવાઈ સુરક્ષાને મજબૂત બનાવે છે. હવે પાંચમી સિસ્ટમ જમ્મુ-કાશ્મીરમાં તૈનાત કરવાની યોજના ભારતની સરહદી સુરક્ષા વ્યૂહરચનામાં મહત્ત્વનું પગલું માનવામાં આવી રહી છે.

રશિયાની S-400 ટ્રાયમ્ફ સિસ્ટમ વિશ્વની અત્યાધુનિક હવાઈ સંરક્ષણ પ્રણાલીઓમાં સામેલ છે. વર્ષ ૨૦૦૭માં લોન્ચ થયેલી આ સિસ્ટમ દુશ્મન દેશનાં ફાઇટર જેટ, બેલિસ્ટિક અને ક્રૂઝ મિસાઇલો, ડ્રોન તેમજ સ્ટેલ્થ વિમાનોને નિશાન બનાવી શકે છે. આ સિસ્ટમ લાંબા અંતરથી હવાઈ જોખમોને ઓળખી તેનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે.

ભારત-UAE વચ્ચે મોટી સંરક્ષણ ડીલઃ હવે સાથે મળીને બનાવશે આધુનિક હથિયારો

અબુ ધાબીમાં ૧૪મી સંયુક્ત સંરક્ષણ બેઠકમાં સહ-વિકાસ અને સહ-ઉત્પાદન પર સહમતી

નવીદિલ્હી,

પશ્ચિમ એશિયાની રાજનીતિમાં હાલ ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. એક તરફ પ્રાદેશિક સુરક્ષા ગઠબંધનો અને 'મક્કા પેક્ટ' જેવી ચર્ચાઓ તેજ બની છે, તો બીજી તરફ ભારત અને સંયુક્ત આરબ એમિરેટ્સએ પોતાના સંરક્ષણ સંબંધોને નવી ઊંચાઈએ પહોંચાડ્યા છે. ગુરુવાર, ૨૬ નવેમ્બરના રોજ અબુ ધાબી ખાતે યોજાયેલી ભારત-ંછઈની ૧૪મી જોઈન્ટ ડિફેન્સ કો-ઑપરેશન કમિટીની બેઠકમાં બંને દેશો માત્ર હથિયારોની ખરીદ-વેચાણ પૂરતા સીમિત ન રહેતા હવે સાથે મળીને આધુનિક હથિયારો અને ડિફેન્સ સિસ્ટમ બનાવવા પર સહમત થયા છે.

અબુ ધાબીમાં યોજાયેલી આ મહત્ત્વપૂર્ણ બેઠકની અધ્યક્ષતા ભારતના સંરક્ષણ સચિવ



રાજેશકુમાર સિંહ અને ંછઈના સંરક્ષણ મંત્રાલયના અંડર સેક્રેટરી લેફ્ટનન્ટ જનરલ ઇબ્રાહિમ નાસિર એમ. અલ અલાવીએ કરી હતી. ભારતીય સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બેઠકમાં વર્તમાન 'નો વૉર, નો પીસ' એટલે કે ન તો સંપૂર્ણ યુદ્ધ અને ન તો સંપૂર્ણ શાંતિ જેવા જટિલ વૈશ્વિક માહોલ પર ઊંડાણપૂર્વક ચર્ચા થઈ હતી.

જુલાઈ ૨૦૨૫માં નવી દિલ્હીમાં યોજાયેલી ૧૩મી JDCC બેઠક અને મે ૨૦૨૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ંછઈ મુલાકાત દરમિયાન થયેલા 'ઇન્ડિયા-ંછઈ સ્ટ્રેટેજિક ડિફેન્સ પાર્ટનરશિપ ફ્રેમવર્ક'ને જમીની સ્તરે ઝડપથી અમલમાં મૂકવા પર ભાર મુકાયો હતો. ખાડી દેશો હવે કોઈ એક જૂના જૂથ પર નિર્ભર રહેવાને બદલે ભારતની ટેક્નોલોજી અને વિશ્વસનીય ઉત્પાદન ક્ષમતા સાથે ભાગીદારી કરીને આત્મનિર્ભર બનવા તરફ આગળ વધી રહ્યા છે.

આ બેઠકમાંથી ભારત અને ંછઈના સંરક્ષણ સહયોગને મજબૂત કરતા ત્રણ મુખ્ય પાસાઓ સામે આવ્યા છે. પ્રથમ, બંને દેશો ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નેક્સ્ટ-જનરેશનના આધુનિક હથિયારો અને સંરક્ષણ ઉપકરણોનું સહ-વિકાસ અને સહ-ઉત્પાદન કરવાની પ્રક્રિયા ઝડપી બનાવશે.

પાકિસ્તાને વર્લ્ડ બેંકને પણ ન છોડી, ૪૧૦૦ કરોડથી વધુ રૂપિયા મેળવીને ચાંઉ કરી ગયુ

કરાચી,

પાકિસ્તાનની વિશ્વમાં કેવી છાપ છે તે અંગે કોઈ જણાવવાની જરૂર નથી. પરંતુ હવે નાપાક પાકિસ્તાને વૈશ્વિક એજન્સીઓને પણ છેતરવાનું શરૂ કરી દીધું છે. જોકે, આ વખતે તેમની ચાલ સફળ થઈ નથી. વર્લ્ડ બેંકે પાકિસ્તાનના પંજાબ પ્રાંતને દેશનું પ્રાથમિક શિક્ષણ સુધારવા માટે ૧૫૦ મિલિયન ડોલર એટલે કે ૪૧૪૬ કરોડ પાકિસ્તાની રૂપિયા આપ્યા હતા. પાકિસ્તાને વર્લ્ડ બેંક સમક્ષ મોટા-મોટા દાવા કરીને આ ગ્રાંટ મેળી હતી પરંતુ પૈસા લઈને ચાઉં કરી ગયા અને ખાસ કોઈ કામ થયું નહીં. આ વાતની જાણ થતાં જ વર્લ્ડ બેંકે આખો પ્રોજેક્ટ ડાઉનગ્રેડ કરી દીધો છે અને સજા રૂપે હવે પછીનો હપ્તો જ્યારે નક્કર કામ થશે ત્યારે જ આપવામાં આવશે તેમ કહ્યું હતું.

GRADES પ્રોજેક્ટ હેઠળ જૂન ૨૦૨૪માં વર્લ્ડ બેંકે પંજાબ પ્રાંતને આ રકમ આપી હતી અને જૂન ૨૦૨૯ સુધીમાં તેનો ઉપયોગ કરવાનું કહ્યું હતું. આ સાથે કેટલીક શરતો પણ મૂકવામાં આવી હતી. જેમાં પ્રી-પ્રાઈમરી અને પ્રાઈમરી વર્ગોમાં છોકરીઓના પ્રવેશમાં વધારો કરવો, વધુમાં વધુ બાળકોને શાળામાં દાખલ કરવા, તેમના અભ્યાસની યોગ્ય વ્યવસ્થા કરવી અને કોવિડને કારણે શિક્ષણને થયેલું નુકસાન ભરપાઈ કરવું જેવી બાબતો સામેલ હતી. પાકિસ્તાને પણ દાવો કર્યો હતો કે આનાથી લગભગ ૫૦ લાખ બાળકો અને ૭૦૦૦ પ્રિન્સિપાલ-શિક્ષકોને ફાયદો થશે તથા શિક્ષણનું સ્તર ઊંચું આવશે.

વર્લ્ડ બેંકે પ્રાથમિક શાળાઓમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધારવા પણ કહ્યું હતું. પરંતુ પાકિસ્તાન કોઈ પણ માપદંડ પર ખરું ઉતર્યું નહોતું. ટેકનિકલ સ્તરે જેટલું કામ થવું જોઈતું હતું તેટલું થયું નથી અને ડેટા આપવામાં પણ આનાકાની કરવામાં આવી રહી હોવાનું વર્લ્ડ બેંકના ધ્યાનમાં આવ્યું હતું. બાળકોના પ્રવેશમાં થોડો વધારો જરૂર થયો હતો.

એસબીઆઈ ક્રેડિટ કાર્ડ મોંઘું પડશે, ૧ ડિસે.થી ખિસ્સા પર પાંચ ફેરફાર

ગેસથી કાર ખરીદી અને ક્રેડિટ કાર્ડ સુધી બદલાશે નિયમો

નવી દિલ્હી,

વર્ષ ૨૦૨૬ના અંતિમ મહિના ડિસેમ્બરની શરૂઆત સાથે જ દેશના સામાન્ય નાગરિકો અને વેપારીઓને અસર કરતા પાંચ મહત્ત્વપૂર્ણ ફેરફારો અમલમાં આવવા જઈ રહ્યા છે. ૧ ડિસેમ્બરથી એલપીજી સિલિન્ડરના ભાવ, જીમેં ક્રેડિટ કાર્ડના ચાર્જ, કારની કિંમતો, કમોડિટી ટ્રેડિંગના માર્જિન અને ્જી રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં ફેરફાર થશે. આ નિયમોની સીધી અસર લોકોના ઘરખર્ચ અને નાણાકીય વ્યવહારો પર પડી શકે છે.દર મહિનાની પહેલી તારીખે ઓઇલ કંપનીઓ ન્યના ભાવની સમીક્ષા કરે છે. ડિસેમ્બરમાં ઘરેલુ અને કમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ફેરફાર થાય છે કે કેમ તેના પર નજર રહેશે. છ્લ્લના ભાવમાં પણ ફેરફાર શક્ય છે. જીમેં ક્રેડિટ કાર્ડમાં નવા નિયમ મુજબ ૩૦ હજારથી વધુના ટ્રાન્સપોર્ટેશન ટ્રાન્ઝેક્શન અને ૫૦ હજાર રૂપિયાના ફ્યુઅલ ખર્ચ પર ૧ ટકા ચાર્જ લાગશે, ટાટા મોટર્સની પેસેન્જર કારના ભાવમાં વેરિઅન્ટ પ્રમાણે ૦.૫ ટકા સુધીનો વધારો થવાની જાહેરાત કરાઈ છે.

ટ્રમ્પમાં ચીન સામે લડવાની હિંમત નથી, અમેરિકન સાંસદોનો આક્ષેપ

ભારત સહિત ૧૬ વ્યાપારી ભાગીદાર દેશોનો વિરોધ, ચીને પણ ટેરિફ વોર સામે લાલ આંખ કરી, નવા ટેરિફ રાજકારણ પ્રેરિત

વોશિંગટન,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ૧૬ ટ્રેડિંગ પાર્ટનર્સ દેશો પર નવા ટેરિફ નાંખવાની જાહેરાતના અમેરિકા સહિત વિશ્વમાં આકરા પડઘા પડ્યા છે. નવા ટેરિફ મુદ્દે ટ્રમ્પ ઘરઆંગણે પર ઘેરાયા છે. અમેરિકન સાંસદોએ ટ્રમ્પને સંભળાવી દીધું કે, અમેરિકાની ખરી લડાઈ ચીન સામે છે. ટ્રમ્પમાં તેની સામે લડવાની તાકાત નથી. એટલે ભારત સહિત અન્ય ભાગીદાર દેશોને નિશાન બનાવે છે.

બીજીબાજુ ચીને નવા ટેરિફને રાજકારણ પ્રેરિત ગણાવ્યા અને કહ્યું, ટ્રેડ વોર કે ટેરિફ વોર કોઈપણ દેશના હિતમાં નથી. ભારતે પણ વધુ પડતી ઉત્પાદન ક્ષમતાના ટ્રમ્પ સરકારના આક્ષેપોને નકારી કાઢ્યા હતા અને કહ્યું કે, અમેરિકા સાથે ટ્રેડ ડીલ મુદ્દે કરારની વાટાઘાટોમાં આ અંગે ચર્ચા કરીશું. ભારત, ચીન, જાપાન, દક્ષિણ કોરિયા સહિતના અમેરિકાના વ્યાપારિક ભાગીદાર દેશોએ ટ્રમ્પ સરકારના સૂચિત ટેરિફ વધારાની જાહેરાતનો ઉગ્ર વિરોધ કર્યો છે. ટ્રમ્પ સરકારે નવા ટેરિફની દરખાસ્તની જાહેરાત કરતાં જ ડેમોક્રેટ્સ સાંસદોએ કહ્યું કે, અમેરિકાની ખરી લડાઈ ચીન સામે છે પરંતુ ભારત જેવા દેશોને નિશાન બનાવાય છે. આ નીતિથી અમેરિકાને માત્ર નુકસાન જ થશે.

ભરતનગરમાંથી રૂપિયા ૨.૮૯ લાખનો વિદેશી દારૂ ઝબ્બે: LCBએ એકને દબોચ્યો, મુખ્ય આરોપી ફરાર

૨૦૬૪ બોટલ અને મોબાઈલ સહિતનો મુદ્દામાલ જપ્ત; પકડાયેલ રાહુલ જેઠવા સામે અગાઉ પણ પ્રોહિબિશનના છ ગુના નોંધાયેલા છે, મુખ્ય આરોપી અર્જુન મકવાણાની શોધખોળ

ભાવનગર,તા.૨૭

આગામી નાતાલ અને થર્ટી ફર્સ્ટના તહેવારો દરમિયાન વિદેશી દારૂની પ્રવૃત્તિ નેસ્તનાબૂદ કરવા મળેલી સૂચનાના આધારે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ ભરતનગર વિસ્તારમાં દરોડો પાડી રૂ. ૨,૮૯,૧૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે સ્થળ પરથી એક શખ્સને ઝડપી લીધો છે, જ્યારે મકાન ભાડે રાખી દારૂનું વેચાણ કરનાર મુખ્ય શખ્સ ફરાર હોવાનું સામે આવ્યું છે.



મળતી વિગતો અનુસાર, તા. ૨૫/૧૧/૨૦૨૬ના રોજ ભાવનગર ન્યૂ સ્ટાફ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે ઘોઘારોડ, રાજારામના અવેડા વાળા ખાંચામાં રહેતો અર્જુન રણજીતભાઈ મકવાણા ભરતનગર શ્રીનાથજી નગર-૨, ભાવ ભાવશ્વર મહાદેવના મંદિર પાસે પ્લોટ નં. ૨૮૯, ૨૯૦/એ વાળું મકાન ભાડેથી રાખી ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખી વેચાણ કરે છે અને હાલ તેનો એક માણસ હાજર છે.

આ બાતમીના આધારે ન્યૂમ્ની ટીમે રેઈડ કરતા સ્થળ પરથી રાહુલ ભૂપતભાઈ જેઠવા (ઉ.વ. ૨૪, રહે. પ્લોટ નં. ૧, અભિલેશ સોસાયટી, ઘોઘા જકાતનાકા, ભાવનગર) મળી આવ્યો હતો. પોલીસે મકાનમાંથી ચાર્લી રીઝર્વ વ્હિસ્કીની ૧૩૮૨ બોટલ (કિંમત રૂ. ૧,૮૪,૮૮૦) અને જ્યુબિલી ગોલ્ડ રીઝર્વ વ્હિસ્કીની ૬૮૨ બોટલ (કિંમત રૂ. ૯૯,૭૨૦) મળી કુલ ૨૦૬૪ સીલપેક બોટલ (કિંમત રૂ. ૨,૮૪,૬૦૦) તેમજ એક નોકિયા કીપેડ મોબાઈલ (કિંમત રૂ. ૪,૫૦૦) સહિત કુલ રૂ. ૨,૮૯,૧૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે ભરતનગર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી ફરાર આરોપી અર્જુન મકવાણાને ઝડપી પાડવા તજવીજ હાથ ધરાઈ છે.

પોલીસ રેકોર્ડ મુજબ, ઝડપાયેલ આરોપી રાહુલ જેઠવા સામે અગાઉ ઘોઘારોડ અને વડોદરાના જવાહરનગર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ છ ગુના નોંધાયેલા હોવાનો ગુનાહિત ઈતિહાસ પણ સામે આવ્યો છે.

કુંભારવાડામાં જુગારધામ પર પોલીસનો દરોડો: બે જુગારીઓ ઝડપાયા, ૭ ફરાર

અક્ષરપાર્ક ખારીયા હનુમાન પાસે જાહેરમાં ગંજીપાનાથી રમાતો હતો રોકડ ૨૦,૫૯૦ સહીત મુદ્દામાલ જપ્ત

ભાવનગર,તા.૨૭

ભાવનગર શહેરમાં જુગારની પ્રવૃત્તિઓ ડામવા પોલીસ દ્વારા પેટ્રોલિંગ અને તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે બોરતળાવ પોલીસ સ્ટેશનની ટીમે કુંભારવાડા વિસ્તારમાં જુગાર રમતા શખ્સો સામે કાર્યવાહી કરી બે જુગારીઓને ઝડપી પાડ્યા છે. પોલીસની આ કાર્યવાહીમાં રોકડ રકમ અને ગંજીપાનાં સહિત કુલ રૂ.૨૦,૫૯૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.આ દરોડા દરમિયાન ૭ શખ્સો ફરાર થયા હતા.

બનાવની વિગત મુજબ, બોરતળાવ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરની સૂચના હેઠળ એએસઆઈ એમ.કે. પરમાર સહિતનો પોલીસ સ્ટાફ ખાનગી વાહનમાં રાત્રિના સમયે વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. દરમિયાન રાત્રિના ૮:૪૦ વાગ્યે બાતમી મળી હતી કે કુંભારવાડા અક્ષરપાર્ક ખારીયા હનુમાન પાસે આવેલા ખાચામાં કેટલાક ઈસમો સ્ટ્રીટલાઈટના અજવાળે જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસ ટીમે બે પંચોને સાથે રાખી જરૂરી પંચનામું કર્યા બાદ રાત્રિના ૯ વાગ્યે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈ જુગાર રમતા શખ્સોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જેમાંથી બે શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા.

પોલીસે પકડાયેલા જયેશભાઈ ઉર્ફે બાથો દિનેશભાઈ બારૈયા (ઉ.વ.૨૭) અને અશોકભાઈ ઉર્ફે ભુરો માવજીભાઈ સોલંકી (ઉ.વ.૩૫), બંને રહે. કુંભારવાડા, ભાવનગરની અટકાયત કરી હતી. સ્થળ પરથી ગંજીપાનાંનાં પર પત્તાં અને રોકડા રૂ.૨૦,૫૯૦ કબજે કરવામાં આવ્યા હતા.જ્યારે રેડ દરમિયાન પ્રકાશ ઉર્ફે પી.આર. રામેશભાઈ ચૌહાણ રહે.અક્ષરપાર્ક ખારીયા હનુમા પાસે ભાવનગર, સાગર છંગનભાઈ બારૈયા રહે. બહુચરમાનો ચોક કુંભારવાડા ભાવનગર, હર્ષદ લક્ષ્મણભાઈ બારૈયા રહે.રામદેવનગર કુંભારવાડા ભાવનગર, પ્રકાશ શાંતીભાઈ રહે.અક્ષરપાર્ક ખારીયાહનુમાન કુંભારવાડા ભાવનગર, લાલો ઉર્ફે મિંદડી અમરશીભાઈ રાઠોડ રહે. માઢીયારોડ શેરીનં.૧૫ કુંભારવાડા ભાવનગર, રામભાઈ ઉર્ફે રામો ભુપતભાઈ ખોખાણી રહે.રેલ્વે દિવાલ મેલડીમાના મંદિર પાસે કુંભારવાડા ભાવનગર તથા કાળુ રમેશભાઈ ચૌહાણ રહે.બહુચરમાનો ચોક કુંભારવાડા ભાવનગર વાળા ફરાર થયા હતા.આ અંગે પોલીસે તમામ સામે જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફુલસરમાં લગ્ન પ્રસંગે આવેલા શિક્ષકને રિવર્સમાં આવતી કારની ટક્કરથી ઈજા

સોલંકીની વાડી પાસે બેફિકરાઈથી રિવર્સમાં કાર હંકારતાં અકસ્માત સર્જાયો

ભાવનગર,તા.૨૭

ભાવનગરના ફુલસર વિસ્તારમાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા આવેલા શિક્ષકને રિવર્સમાં પૂરઝડપે આવતી કારના ચાલકે પાછળથી ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં શિક્ષકના જમણા પગના સાથળના ભાગે ગંભીર ઈજા થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.કારચાલક અકસ્માત સર્જીને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

બનાવની મળતી વિગતો અનુસાર, ભાવનગરના ઘોઘારોડ વિસ્તારમાં ફોજી હાઉસ ખાતે રહેતા અને ભંડારિયા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા રાજાભાઈ રાણાભાઈ બાંભણિયા (ઉ.વ.૫૨) તા.૨૬ નવેમ્બરના રોજ ફુલસરના રાધે પાર્ટી પ્લોટ ખાતે સંબંધીના લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા. લગ્ન પ્રસંગ દરમિયાન સવારે આશરે ૧૧:૧૫ વાગ્યે તેઓ પોતાના કાકા બુધાભાઈ બાંભણિયા સાથે ફુલસરથી સતનામ ચોક તરફ જતા રસ્તે સોલંકીની વાડી પાસે રોડની સાઈડમાં ચાલીને જઈ રહ્યા હતા. તે દરમિયાન GJ-04-CJ-3500 નંબરની ગ્રાન્ડ i10 કારના ચાલકે પૂરઝડપે અને બેફિકરાઈથી રિવર્સમાં કાર હંકારતાં રાજાભાઈને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં તેઓ રોડ પર પટકાતાં જમણા પગના સાથળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બાદમાં સગાંસંબંધીઓએ તેમને ખાનગી વાહનમાં યશ ઓર્થોપેડિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. આ બનાવ અંગે કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા બોરતળાવ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલીતાણાના ટ્રક ડ્રાઈવર સાથે ૯.૩૧ લાખની છેતરપિંડી, અમદાવાદના કોલસેન્ટરનો પર્દાફાશ

ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસે બે શખસોને દબોચ્યા, અન્ય બે આરોપીઓની શોધખોળ શરૂ

ભાવનગર,તા.૨૭

પાલીતાણાના તળાવ વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવિંગ કરતા દિલીપભાઈ કાંતિભાઈ ધંધુકિયા (ઉ.વ. ૩૪) સાથે રૂ. ૯,૩૧,૩૦૩ ની ઓનલાઈન છેતરપિંડી આચરવાના કેસમાં ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસે મોટી સફળતા મેળવી અમદાવાદમાં ચાલતા



કોલસેન્ટરનો પર્દાફાશ કરી બે શખસોને ઝડપી લીધા છે.

મળતી માહિતી મુજબ, દિલીપભાઈએ બે વર્ષ પહેલાં HDB ફાઈનાન્સમાંથી લીધેલી રૂ. ૧.૨૫ લાખની પર્સનલ લોન સંપૂર્ણ ભરપાઈ કરી દીધી હતી. તેમ છતાં ગત સપ્ટેમ્બરમાં ભાર્ગવ કોટક નામની ઓળખ આપી કર્મચારી અને મેનેજર બની વાત કરનાર શખસોએ ચાર હપ્તા બાકી હોવાનું જણાવી રૂ. ૨૮ હજાર મંગાવ્યા હતા. ત્યારબાદ પ્રોસેસિંગ ફી અને અલગ-અલગ લોન એપ્લિકેશન મારફતે લોન લઈને તથા સ્કેનર દ્વારા બે બેંક ખાતામાંથી કુલ રૂ. ૯,૩૧,૩૦૩ ટ્રાન્સફર કરાવી લીધા હતા. સાયબર ક્રાઈમ પોલીસે તપાસ દરમિયાન અમદાવાદના કોલસેન્ટરમાંથી બે આરોપીઓને પકડી પાડ્યા છે અને ફરાર અન્ય બે શખસોની શોધખોળ હાથ ધરી છે.

રિંગરોડ પર પૂરઝડપે આવતી કારની ટક્કરે સાયકલ ચાલકને ઈજા

ભાવનગર,તા.૨૭

ભાવનગરના ભરતનગર રિંગરોડ પર આસ્થા હોમ સામે ત્રણ રસ્તા પાસે પૂરઝડપે અને ગફલતભરી રીતે આવતી ફોરવ્હીલ કારના ચાલકે સાયકલસવારને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં ૬૦ વર્ષીય વૃદ્ધને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવની વિગતો મુજબ, માલણકા ગામે રામાપીરના મંદિર પાસે રહેતા ચંદુભાઈ રાણાભાઈ બારૈયા (ઉ.વ.૬૦) સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. તેઓ સરા પાર્ક ખાતે નોકરી પૂરી કરી સાયકલ લઈને ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન રાત્રિના આશરે ૮:૧૫ વાગ્યે ભરતનગર રિંગરોડ પર આસ્થા હોમ સામે ત્રણ રસ્તા પાસે રોડ ક્રોસ કરતી વખતે ટોપ શ્રી તરફથી આવેલી GJ-06-LK-1402 નંબરની ફોરવ્હીલ કારે તેમને ટક્કર મારી હતી. અકસ્માતમાં ચંદુભાઈ નીચે પટકાતાં ડાબા કાન, ડાબા પડખા અને જમણા પગે ઈજાઓ પહોંચી હતી. તેમને સારવાર માટે સર.ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, બનાવ અંગે કારચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની તજવીજ શરૂ થઈ છે.

ભંડારિયામાં જૈન આરાધના ભવનોનું ગુરુભગવંતોના હસ્તે કરાશે સંઘાર્પણ

ગચ્છનાયક વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં સાણોદરવાળા શાહ પરિવાર દ્વારા બે સંકુલોનું સંઘાર્પણ અને જિનભક્તિ યોજાશે

ભાવનગર,તા.૨૭

ભંડારિયા શ્રી જૈન સંઘના આંગણે આગામી રવિ અને સોમવાર બે દિવસ ધાર્મિક ઉત્સવ આયોજિત થયો છે, ભાવનગરથી વિહાર કરીને પધારી રહેલા ગચ્છનાયક વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા., પંન્યાસ ચંદ્રકીર્તિ વિજયજી મ. સા. તથા પંન્યાસ પ્રવર જગતચંદ્ર મ.સા. આદિ ઠાણા અને સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં નવનિર્મિત બે સંકુલોનો ભવ્ય સંઘાર્પણ મહોત્સવ અને જિનભક્તિનો કાર્યક્રમ યોજાશે.

મૂળ સાણોદરવાળા અને હાલ માટુંગા (મુંબઈ) નિવાસી લાભાર્થી પરિવાર માતુશ્રી વિમળાબેન જયંતિલાલ શાહ, સ્વ. કૈલાશબેન દિનકરભાઈ શાહ સહપરિવાર દ્વારા દિનકરભાઈ જયંતિલાલ શાહના ૭૫ વર્ષમાં પ્રવેશ નિમિત્તે 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધના ભવન' તેમજ પાર્શ્વ, જિનમ અને રિત્વીની ઉપધાન તપની આરાધના અને સાધ્વીજી ગીતાર્થનિધિ મ.સા.ની ૮૨મી આયંબિલની ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે 'શ્રી નવકાર આરાધના ભવન' તૈયાર કરવામાં આવ્યું છે. જે પૂજ્ય ગુરુભગવંતોના હસ્તે ભંડારિયા શ્રી સંઘને અર્પણ કરવામાં આવશે.

મહોત્સવ અંતર્ગત તા. ૨૯ નવેમ્બર, રવિવારે સવારે ૧૦:૩૦ કલાકે મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન ઉપર સ્નાત્ર પૂજા, સાધર્મિક ભક્તિ તથા સાંજે ૬:૦૦ કલાકે ભવ્ય અંગરચના, મહાપૂજા અને સંગીતકાર જીનય મહેતાના સૂર સંગાથે સંધ્યા ભક્તિ યોજાશે. જ્યારે તા. ૩૦ નવેમ્બર, સોમવારે સવારે ૭:૦૦ કલાકે ગુરુભગવંતોનું વાજતે-ગાજતે જાજરમાન સામૈયું, મંગલાચરણ અને નવકારશી બાદ સવારે ૯:૩૦ કલાકે પ્રવચન તથા જિનભક્તિ થશે. ત્યારબાદ સવારે ૧૧:૪૫ કલાકે બંને નવનિર્મિત સંકુલોનું સંઘાર્પણ અને સંઘ સ્વામિવાત્સલ્યનું આયોજન કરવામાં આવ્યું છે.

સિહોર-ધૂપકા રોડ પર પાંચ સિંહનું ટોળું દેખાતાં ગ્રામજનોમાં ફફડાટ



સિહોરના ધૂપકા રોડ પર ગેબનશાપીર દરગાહ નજીક રાત્રિના સમયે પાંચ સિંહનું ટોળું રોડ પર લટાર મારતું જોવા મળ્યું હતું. સિંહ પરિવારને રસ્તા પર નિહાળતાં ધૂપકા અને ભડલી સહિત આસપાસનાં ગામોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. રાત્રિના સમયે આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને ગ્રામજનોમાં ચિંતાની લાગણી ફેલાઈ હતી.

ક્ષત્રિય આંદોલન ઉગ્ર: ત્રીજા દિવસે પણ પથુભાનો મૃતદેહ ન સ્વીકારાયો

વલ્લભભાઈ વિરડીયા અને વિશાલભાઈ ધામેલીયા સામે નામજોગ ફરિયાદ માટે બોરતળાવ પોલીસ મથકે અરજી અપાઈ ; એસપીએ ફરી તપાસની બાંહેધરી આપી : જોકે આજે ત્રીજા દિવસે બપોરે પણ હજુ મડાગાંઠ યથાવત

ભાવનગર,તા.૨૭

છેલ્લા ૪૮ કલાકથી વધુ સમયથી ચાલી રહેલા ક્ષત્રિય સમાજના આંદોલને આજે ત્રીજા દિવસે વધુ વેગ પકડ્યો છે. જમીન કૌભાંડના ગુનામાં અઢી વર્ષથી જિલ્લા જેલમાં રહેલા પથુભા ગોહિલ ઉર્ફે પથુભા પીપરાળીનું બે દિવસ પૂર્વે રાત્રે હાર્ટ એટેકથી મોત નીપજ્યા બાદ મામલો ગરમાયો છે. ઘટનાના ત્રીજા દિવસે પણ બપોરે ૨ વાગ્યા સુધી મૃતદેહ ન સ્વીકારવાના નિર્ણય પર સમાજ મક્કમ રહેતા મડાગાંઠ યથાવત રહી છે. મળતી વિગતો અનુસાર, ખોટા દસ્તાવેજો બનાવી જમીન પચાવવા વાંધા ઊભા કરી કૌભાંડ આચરવાના ગુનામાં પથુભા ગોહિલ છેલ્લા અઢી વર્ષથી જેલમાં હતા. બે દિવસ અગાઉ રાત્રે અચાનક હાર્ટ એટેક આવતા વહેલી





સવારે તેમનું મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહીની માંગ સાથે ગઈકાલે ક્ષત્રિય સમાજે કલેક્ટર,ૈ અને જીૅને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી. આજે પણ ક્ષત્રિય સમાજના આગેવાનો અને લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને બે શખસો સામે નામજોગ ફરિયાદ નોંધવા બોરતળાવ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. સમાજ દ્વારા વલ્લભભાઈ વિરડીયા અને વિશાલભાઈ ધામેલીયા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરાઈ હતી. હાલ બોરતળાવ પોલીસે અરજી સ્વીકારી તપાસ બાદ યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. બીજી તરફ, ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું કે અગાઉ સાક્ષી અને પુરાવાના આધારે પથુભા સામે ફરિયાદ નોંધાઈ હતી, તેમ છતાં ક્ષત્રિય સમાજની માંગને ધ્યાનમાં રાખી ફરીથી યોગ્ય તપાસ હાથ ધરવામાં આવશે.જોકે આજે ત્રીજા દિવસે બપોરે પણ હજુ મડાગાંઠ યથાવત છે.

સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે ગુજરાત વિદ્યાપીઠમાં ૨૫૧ દુર્લભ છાયાચિત્રોનું પ્રદર્શન

અમદાવાદ,

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે ભારતના લોખંડી પુરુષ, અખંડ ભારતના ઘડવૈયા અને રાષ્ટ્રીય એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના ઐતિહાસિક ઉપલક્ષ્યમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે 'સરદાર પટેલ: જીવન અને કાળ' વિષયક વિશેષ પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનીનું આયોજન નવી પેઢીને સરદાર સાહેબના આદર્શો, રાષ્ટ્રભક્તિ અને તેમના અપ્રતિમ યોગદાનથી પરિચિત કરાવવાના ઉમદા હેતુથી કરવામાં આવ્યું છે.

આ વિશેષ પ્રદર્શનીમાં સરદાર વલ્લભભાઈ પટેલના કરમસદના બાળપણથી લઈને બેરિસ્ટર તરીકેની કારકિર્દી, ખેડા અને બારડોલી સત્યાગ્રહ જેવા ઐતિહાસિક આંદોલનો, ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમના અનન્ય યોગદાન, દેશી રજવાડાઓના એકીકરણની કપરી અને ઐતિહાસિક કામગીરી તેમજ અખંડ ભારતના નિર્માણમાં તેમની નિર્ણાયક ભૂમિકાને દર્શાવતાં ૨૫૧ દુર્લભ છાયાચિત્રો અને મૂળ ઐતિહાસિક દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા છે. આમાંના ઘણા દસ્તાવેજો અને તસવીરો અત્યાર સુધી સામાન્ય જનતા માટે અપ્રકાશિત રહ્યા હતા, જે ઇતિહાસપ્રેમીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

મુલાકાતીઓ સરદાર સાહેબના જીવન અને કાર્યોને સરળતાથી અને ઊંડાણપૂર્વક સમજી શકે તે માટે આ સમગ્ર પ્રદર્શનને ૨૮ વિષયગત તથા કાલાનુક્રમિક વિભાગોમાં અત્યંત સુંદર અને વૈજ્ઞાનિક રીતે વિભાજિત કરવામાં આવ્યું છે. દરેક વિભાગ સરદાર સાહેબના જીવનના એક મહત્ત્વપૂર્ણ તબક્કાને ઉજાગર કરે છે, જે મુલાકાતીઓને તેમના સંઘર્ષ, સમર્પણ અને રાષ્ટ્રપ્રેમની ઝીણવટભરી ઝાંખી કરાવે છે.

બગદાણા 'અર્ધશતાબ્દી મહોત્સવ'માં ૨૫ લાખ ભક્તો સામેલ થશેઃ ૧૫૦૦ વીઘામાં ઐતિહાસિક આયોજન, તડામાર તૈયારી

દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટવાના હોવાથી વિશાળ ડોમ, રહેવાની સુવિધા, યજ્ઞશાળા, નવું બિલ્ડિંગ અને ભોજનશાળાનું નિર્માણ કાર્ય પૂરજોશમાં, મહોત્સવના ૬ દિવસ દરમિયાન ત્રણ ટાઈમ મહાપ્રસાદ અને ૪૫ હજાર સ્વયંસેવકો ખડેપગે રહેશે ; ૨૮ સમિતિઓ, ૭૫૦ વીઘામાં પાર્કિંગ અને ૫૦૦થી વધુ સીસીટીવી કેમેરાથી સજ્જ વ્યવસ્થા







તસવીર : ધવલ વાજા

ભાવનગર, તા.૨૭

સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને પૂજ્ય બજરંગદાસ બાપાની તપોભૂમિ એવા બગદાણા ગુરુ આશ્રમે આગામી તા. ૨૦ જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન ૧૫૦૦ વીઘાના વિશાળ પરિસરમાં ઐતિહાસિક 'અર્ધશતાબ્દી મહોત્સવ'નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. બજરંગદાસ બાપાની ૫૦મી મહાપરિનિર્વાણ તિથિ નિમિત્તે બજરંગદાસ સીતારામ સનાતન સંસ્થાન દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે, જેને લઈને બે મહિના અગાઉથી જ તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.



મહોત્સવ દરમિયાન અતિમહાવિષ્ણુ યજ્ઞ, ધર્મસભા અને સંતવાણી સહિતના વિવિધ ધાર્મિક આયોજનો થશે. દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટવાના હોવાથી વિશાળ ડોમ, રહેવાની સુવિધા, યજ્ઞશાળા, નવું બિલ્ડિંગ અને ભોજનશાળાનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ મહોત્સવમાં અંદાજિત ૨૫ લાખથી વધુ ભક્તો દર્શનાર્થે આવવાનો અંદાજ છે, જેમના માટે ત્રણ ટાઈમ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રસાદ તૈયાર કરવા માટે ૨.૨૬ લાખ કિલો ઘઉંનો લોટ અને ૫૦૦ ચૂલાનો ઉપયોગ કરાશે, જ્યારે એકસાથે અંદાજિત ૨ લાખ લોકો મહાપ્રસાદ લઈ શકે તેવી ભવ્ય વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે.

સમગ્ર આયોજન સુવ્યવસ્થિત રીતે પાર પડે તે માટે બગદાણા ધામ ટ્રસ્ટ અને સેવક સમુદાય દ્વારા અંદાજિત ૨૮ જેટલી અલગ-અલગ સમિતિઓની રચના કરવામાં આવી છે. મહોત્સવના સુચારુ સંચાલન માટે ૩ શિફ્ટમાં અંદાજિત ૪૫,૦૦૦ સ્વયંસેવકો 'બાપા સીતારામ'ના નાદ સાથે રાત-દિવસ સેવામાં કાર્યરત રહેશે.

શ્રદ્ધાળુઓની સુવિધા અને સુરક્ષા માટે ૭૫૦ વીઘામાં વિશાળ પાર્કિંગ વ્યવસ્થા, પીવાનું પાણી, ઉતારા, સ્વચ્છતા અને મેડિકલ સુવિધા ઉપલબ્ધ કરાવાશે. આ ઉપરાંત સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે ૫૦૦થી વધુ સીસીટીવી કેમેરા અને ૨૪ કલાક કાર્યરત કંટ્રોલ રૂમ પણ ઊભો કરાશે. બગદાણા ગામ, આસપાસના વિસ્તારો સહિત સમગ્ર ગુજરાતમાં આ ઐતિહાસિક ઉત્સવને લઈને ભક્તો અને સર્વ સમાજમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મુખ્ય દિવસે અંદાજિત ૬ લાખ ભક્તોના આગમનનો અંદાજ, એક જ સમયે પરિસરમાં અંદાજિત ૨ લાખ લોકો હાજર રહી શકશે

ત્રણ શિફ્ટમાં સ્વંયસેવકોની ફોજ રહેશે ખડેપગેઃ દર્શનાર્થીઓની ભોજન અને રહેવાની સુવિધા માટે પ્રતિદિન ૪.૫ લાખ ભોજન થાળી તૈયાર કરવામાં આવશે, ૫૦,૦૦૦ લોકો માટે રાત્રિ રોકાણ કરી શકશે

આ મહોત્સવમાં સાત દિવસ દરમિયાન અંદાજિત ૨૦ થી ૨૫ લાખ શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડશે. ખાસ કરીને પીક દિવસે અંદાજિત ૬ લાખ ભક્તોનું આગમન થવાનો અંદાજ છે, જ્યારે એક જ સમયે પરિસરમાં અંદાજિત ૨ લાખ લોકો હાજર રહી શકે તેવી વિશાળ વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે.સમગ્ર મહોત્સવના સુચારુ સંચાલન માટે ૨૮ કામગીરી સમિતિઓની રચના કરવામાં આવી છે અને કુલ ૪૫,૦૦૦ સ્વયંસેવકો (૧૫,૦૦૦ સ્વયંસેવકોની ૩ શિફ્ટ મુજબ) રાત-દિવસ સેવામાં ખડેપગે રહેશે. દર્શનાર્થીઓની ભોજન અને રહેવાની સુવિધા માટે પ્રતિદિન ૪.૫ લાખ ભોજન થાળી તૈયાર કરવામાં આવશે તેમજ ૫૦,૦૦૦ લોકો માટે નાઈટ સ્ટે (રાત્રિ રોકાણ)ની ક્ષમતા વિકસાવવામાં આવી છે. આ ઉપરાંત, શ્રદ્ધાળુઓની પ્રાથમિક સુવિધાઓ માટે પીવા, સ્નાન અને શૌચાલય હેતુ પ્રતિદિન ૭૨ લાખ લિટર પાણીની વ્યવસ્થા તેમજ ૨,૦૦૦થી વધુ શૌચાલય યુનિટ ઊભા કરવામાં આવશે. વાહનોના પાર્કિંગ માટે ૩૦૦ એકરનો વિશાળ વિસ્તાર ફાળવવામાં આવ્યો છે. આરોગ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને પરિસરમાં ૧૦ મેડિકલ પોસ્ટ, ૨૫ એમ્બ્યુલન્સ, ૫૦૦થી વધુ CCTV કેમેરા અને 24×7 કાર્યરત કંટ્રોલ રૂમની સુવિધા પણ તૈયાર કરવામાં આવી છે.

ટેમ્પલ બેલના ગરીબ ડ્રાઈવરની અમીરાતઃ ૩.૫૦ તોલાની સોનાની બંગડી પરત કરી

ગૃહિણીએ ભૂલથી ભંગારમાં આપેલી બંગડી ત્રણ મહિના બાદ પરત મળતા મહિલા ભાવુક, સ્થાનિક સંસ્થાઓ દ્વારા સન્માન



ભાવનગર,તા.૨૭

વર્તમાન સમયમાં જ્યાં પૈસા માટે સંબંધો પણ ભુલાઈ રહ્યા છે, ત્યારે ભાવનગરના એક ગરીબ પરિવારે પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. શહેરના ભરતનગર વિસ્તારમાં કચરો એકત્રિત કરતા 'ટેમ્પલ બેલ' વાહન નં. પ્લ ૦૪ છ૦૬૧૯ ના ડ્રાઈવર જગદીશભાઈ ગોવિંદભાઈ રાઘાણીને ત્રણ મહિના પહેલા પ્રેમ સાગર સોસાયટીના રહીશ સવિતાબેન ભાવેશભાઈ પાઠકે ભૂલથી ભંગારમાં સોનાની બંગડી આપી દીધી હતી.

જગદીશભાઈએ તે બંગડીને તાંબા-પિત્તળનો ભંગાર સમજી ઘરે મૂકી રાખી હતી. ત્રણ મહિના બાદ સવિતાબેને બંગડી અંગે પૂછપરછ કરતા જગદીશભાઈએ ઘરે શોધખોળ કરી હતી. આ બંગડી ૩.૫૦ તોલા સોનાની હોવાનું જાણવા છતાં, જગદીશભાઈએ બીજા જ દિવસે સવિતાબેનને બંગડી પરત સોંપી દીધી હતી. સામાન્ય આવક પર ગુજરાન ચલાવતા ડ્રાઈવરની આ નિષ્ઠા જોઈ મહિલા ભાવુક થયા હતા અને સ્થાનિક સંસ્થાઓએ તેમનું સન્માન કર્યું હતું.

બ્રેઈનડેડ મહિલાના લીવર અને બન્ને કિડનીનું દાનઃ ગ્રીન કોરિડોર દ્વારા અંગો અમદાવાદ પહોંચાડાયા

ત્રણ દર્દીઓને મળશે નવજીવન, ભાવનગરનું ૮૪મું અંગદાન નોંધાયું; પોલીસ અધિક્ષકના સહયોગથી અંગોનું સફળ પરિવહન

ભાવનગર,તા.૨૭

શહેરના નયનાબેન અશ્વિનભાઈ પટેલ (ઉ.વ. ૬૫) ના પરિવારજનોએ અંગદાનનો મહત્વપૂર્ણ નિર્ણય લઈ ત્રણ દર્દીઓને નવજીવન આપવાનો માર્ગ મોકળો કર્યો છે. ભાવનગરનું આ ૮૪મું અંગદાન નોંધાયું છે, જેમાં બન્ને કિડની અને લીવર ગ્રીન કોરિડોર મારફતે અમદાવાદ પહોંચાડવામાં આવ્યા હતા.

મળતી વિગતો અનુસાર, નયનાબેન પટેલ તા. ૨૨ નવેમ્બરે સવારે પોતાના ઘરે અચાનક પડી જતા બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે બીઆઈએમએસ (BIMS) હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સીટી સ્કેનમાં બ્રેઈન હેમરેજ હોવાનું સામે આવ્યું હતું. ધનિષ્ઠ સારવાર છતાં તબિયતમાં સુધારો ન થતા તા. ૨૫-૧૧ ના રોજ ન્યુરોસર્જન ડો. રાજેન્દ્ર કાબરિયા દ્વારા તપાસી તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ દર્દીના પતિ અને પુત્રને અંગદાન અંગે સંપૂર્ણ સમજણ અને માહિતી આપવામાં આવતા પરિવારે અંગદાન માટે સંમતિ આપી હતી. અમદાવાદની એપોલો હોસ્પિટલની ટીમ દ્વારા બન્ને કિડની અને લીવરનું દાન લેવામાં આવ્યું હતું. ભાવનગર પોલીસ અધિક્ષકના સહયોગથી ગ્રીન કોરિડોર રચીને આ અંગોને તાત્કાલિક અમદાવાદ પહોંચાડવામાં આવ્યા હતા, જેનાથી ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન પ્રાપ્ત થશે.

ક્રાઇમ ડાયરી

ઘેટી ગામના શખ્સને વિદેશી દારૂના ૨૭ચપટાં સાથે પોલીસે ઝડપ્યો

ભાવનગર,તા.૨૭

પાલિતાણા તાલુકાના ઘેટી ગામે રહેતા ગૌતમ ગોબરભાઈ બારૈયા નામના શખ્સને પાલિતાણા ટાઉન પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન તેની પાસેથી વિદેશી દારૂના ૨૭ ચપટાં મળી આવતા મુદ્દામાલ કબજે કરી તેની અટકાયત કરવામાં આવી હતી. આ મામલે પાલિતાણા ટાઉન પોલીસે આરોપી શખ્સ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મહુવાના રોણિયા વિસાવદરમાં ભાઈ અને બે ભત્રીજાનો વૃદ્ધ પર હુમલો

ભાવનગર,તા.૨૭

મહુવાના રોણિયા વિસાવદર ખાતે રહેતા નરશીભાઈ હીપાભાઈ ભીલ (ઉ.વ. ૬૦) પર તેમના નાનાભાઈ અને બે ભત્રીજાએ હુમલો કર્યાની ઘટના સામે આવી છે. ગત તા. ૨૪-૧૦ના રોજ સાંજે નાનોભાઈ ધુધા હીપાભાઈ ભીલ ઘર પાસે ગટર માટે ખાડો ખોદી રહ્યો હતો. બોરનું પાણી ગંદુ થવાની આશંકાએ નરશીભાઈએ ના પાડતા ધુધા ભીલ તેમજ પુત્રો કિરણ અને મહેશ ભીલે ઉશ્કેરાઈ જઈ પાઈપ, છરી અને ધોકા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત વૃદ્ધને પ્રથમ મહુવા અને બાદમાં ભાવનગર સર ટી. હોસ્પિટલ ખસેડાયા હતા. આ મામલે મહુવા ગ્રામ્ય પોલીસે ફરિયાદ નોંધી છે.

કુંભારવાડામાં રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂની ૪૯ બોટલ ઝડપાઈ, બુટલેગર ફરાર

ભાવનગર,તા.૨૭

શહેરના કુંભારવાડા વિસ્તારમાં આવેલા માઢિયા રોડ, શેરી નં. ૧૯માં રહેતા અજય ઉર્ફે ઠુંઠી સોમાભાઈ રાઠોડના રહેણાંક મકાનમાં બોરતળાવ પોલીસ સ્ટાફે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન મકાનમાંથી વિદેશી દારૂની નાની-મોટી કુલ ૪૯ બોટલનો જથ્થો મળી આવતા પોલીસે મુદ્દામાલ કબજે કર્યો હતો. જોકે, પોલીસ દરોડા સમયે બુટલેગર અજય ઉર્ફે ઠુંઠી સ્થળ પર હાજર મળી આવ્યો ન હતો. આ અંગે બોરતળાવ પોલીસે ફરાર શખ્સ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સાંઢીયાવાડ સહિતના વિસ્તારોમાંથી ૨૦થી વધુ દબાણ હટાવતી મહાપાલિકા

લીમડીવાળી સડક અને રામમંત્ર મંદિર પાસેથી બે ટ્રક ભરીને લારી-ટેબલ સહિતનો સામાન જપ્ત

ભાવનગર,તા.૨૭

શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ ગેરકાયદે દબાણો સામે ભાવનગર મહાનગરપાલિકાએ લાલ આંખ કરી છે. મહાપાલિકાના દબાણ હટાવ સેલની ટીમે ગુરૂવારે શહેરના સાંઢીયાવાડ સહિતના વિવિધ વિસ્તારોમાં સપાટો બોલાવી ૨૦થી વધુ ગેરકાયદે દબાણો હટાવ્યા હતા અને મોટા પાયે માલ-સામાન જપ્ત કરતા દબાણકર્તાઓમાં ફફડાટ અને દોડધામ મચી ગઈ હતી.

મળતી વિગતો અનુસાર, સાંઢીયાવાડ વિસ્તારમાં આવેલી લીમડીવાળી સડક પર કેટલાક લોકો લારીઓ પાર્ક કરીને જતા રહેતા હોવાથી સ્થાનિક રહીશો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ અંગે મળેલી ફરિયાદના આધારે ગુરૂવારે મનપાની ટીમે સ્થળ પર પહોંચી લારી, ટેબલ સહિતના દબાણો દૂર કરી બે ટ્રક ભરીને સામાન જપ્ત કર્યો હતો.

આ ઉપરાંત, શહેરના રામમંત્ર મંદિર પાસેથી પણ રોડને અડચણરૂપ દબાણો હટાવવામાં આવ્યા હતા. મહાપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરીજનોની સુવિધા માટે દબાણ હટાવવાની આ કામગીરી આગામી દિવસોમાં પણ યથાવત રાખવામાં આવશે.

મહુવા માર્કેટીંગ યાર્ડમાં ૬૫ હજાર કટ્ટાની આવક થતા લાલ ડુંગળીના ભાવ ગગડયા

છેલ્લા બે દિવસની તેજી બાદ હરાજીમાં ભાવ રૂ. ૩૫૦થી ૬૦૦ સુધી ગગડ્યા; ઉત્પાદન અને પરિવહન ખર્ચ સામે પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતોમાં ઉભી થઈ ચિંતા

ભાવનગર,તા.૨૭

મહુવા માર્કેટિંગ યાર્ડમાં છેલ્લા બે દિવસથી લાલ ડુંગળીના ભાવમાં જોવા મળી રહેલી તેજી ગુરુવારે અટકી ગઈ હતી. યાર્ડમાં ડુંગળીની આવકમાં મોટો વધારો થતા બજારમાં ભાવ ઘટ્યા હતા અને હરાજીમાં લાલ ડુંગળીના ભાવ રૂ. ૩૫૦થી ૬૦૦ બોલાયા હતા. યાર્ડના સૂત્રોના જણાવ્યા મુજબ, ગુરુવારે લાલ ડુંગળીની કુલ આવક આશરે ૬૫ હજાર કટ્ટા રહી હતી. છેલ્લા બે દિવસ દરમિયાન મળેલા ઊંચા ભાવથી આકર્ષાઈને મોટી સંખ્યામાં ખેડૂતો પોતાનો માલ વેચવા યાર્ડ પહોંચ્યા હતા. એકસાથે બજારમાં સપ્લાય વધતા ભાવ નીચે આવ્યા હતા. ભાવમાં ઘટાડો થતા ખેડૂતો મૂંઝવણમાં મુકાયા છે. હાલ ખેતી માટે બિયારણ, રાસાયણિક ખાતર, દવાઓ અને મજૂરીનો ખર્ચ સતત વધી રહ્યો છે, ત્યારે ખેડૂતોનું કહેવું છે કે ઉત્પાદન ખર્ચ સામે બજારમાં પૂરતા ભાવ મળતા નથી. યાર્ડમાં ડુંગળી લાવનારા કેટલાક ખેડૂતો પરિવહન ખર્ચ અને માલ લાંબો સમય સાચવવાની મુશ્કેલીને કારણે નીચા ભાવે પણ માલ વેચવા મજબૂર બન્યા હતા. હવે આગામી દિવસોમાં ડુંગળીની આવક અને ભાવ કેવા રહે છે તેના પર ખેડૂતો અને વેપારીઓની નજર ટકેલી છે.



સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

રાષ્ટ્રીય નાયકોના યોગદાન અંગેના મતભેદો

સોનિયા ગાંધીના પ્રસિદ્ધ પુસ્તકમાં વીર સાવરકરનું જાણી જોઈને અપમાન કરવામાં આવતા જબરજસ્ત વિરોધ શરૂ થઈ ચૂક્યો છે.ભારતીય રાજકારણમાં ઇતિહાસ, વિચારધારા અને રાષ્ટ્રીય નાયકોના યોગદાન અંગેના મતભેદો કોઈ નવી વાત નથી. સમયની સાથે રાજકીય સમીકરણો બદલાય છે, પરંતુ ઐતિહાસિક વ્યક્તિત્વો પ્રત્યેના દૃષ્ટિકોણ અને તેમની વિરાસત અંગેનો વૈચારિક સંઘર્ષ હંમેશા સપાટી પર આવતો રહે છે. તાજેતરમાં મુંબઈમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીના પુસ્તક 'બિલોન્ગિંગ: અ જર્ની ઓફ લવ' (Belonging: A Journey of Love) ને લઈને ઊભો થયેલો વિવાદ આ જ વૈચારિક સંઘર્ષનું તાજું ઉદાહરણ છે. એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના શિવસેના જૂથના નેતાઓએ આ પુસ્તકમાં વીર સાવરકર અંગે કરાયેલા ઉલ્લેખો સામે સખત વાંધો ઉઠાવ્યો છે. અહેવાલો અનુસાર, શિવસેનાના પ્રવક્તા શાયના એનસી, સંજય નિરૂપમ અને અન્ય કાર્યકરોએ જાહેરમાં વિરોધ પ્રદર્શન કરીને પુસ્તકના પાના ફાડ્યા હતા અને પ્રકાશન સંસ્થા હાર્પર કોલિન્સ પાસેથી પેજ નંબર ૨૦૧ અને ૪૪૩ પરના ચોક્કસ ભાગો દૂર કરવાની માંગ કરી છે.કોઈ પણ રાજકીય કે ઐતિહાસિક વિવાદને તટસ્થતાથી સમજવા માટે બંને પક્ષોની ભૂમિકા અને દલીલો પર ઊંડાણપૂર્વક નજર નાખવી જરૂરી બને છે. પ્રકાશન સંસ્થા હાર્પર કોલિન્સના જણાવ્યા મુજબ, આ પુસ્તક સોનિયા ગાંધીના અંગત અને રાજકીય જીવનના અનુભવોનું સંસ્મરણાત્મક વર્ણન છે. તેમાં તેમના ઇટાલીમાં વિતાવેલા બાળપણ અને યુવાનીના દિવસો, ભારત આગમન, રાજીવ ગાંધી સાથેના લગ્ન, ભારતીય સંસ્કૃતિ સાથેનું જોડાણ અને ગાંધી પરિવારના ઉતાર-ચઢાવ તથા સંઘર્ષોનો સમાવેશ થાય છે. પ્રકાશકના મતે, નવેમ્બર મહિનામાં પ્રકાશિત થયા બાદ આ પુસ્તકને વાચકો તરફથી વ્યાપક આવકાર મળ્યો છે અને તેની લાખો નકલો વેચાઈ છે.બીજી તરફ, શિવસેના (શિંદે જૂથ) ના નેતાઓનું માનવું છે કે આ પુસ્તકમાં ઐતિહાસિક તથ્યોને યોગ્ય રીતે રજૂ કરવામાં આવ્યા નથી અને તેના દ્વારા ઇતિહાસને ફરીથી લખવાનો કે 'વ્હાઇટવોશ' કરવાનો પ્રયાસ થયો છે. શાયના એનસી અને અન્ય નેતાઓએ આરોપ લગાવ્યો છે કે પુસ્તકમાં વીર સાવરકરનું અપમાન કરવામાં આવ્યું છે અને તેમને હિન્દુત્વની વિચારધારાથી અલગ દર્શાવવાનો પ્રયત્ન થયો છે. શિવસેનાના નેતાઓએ સ્વર્ગીય બાળાસાહેબ ઠાકરેના વિચારોનો સંદર્ભ આપતા જણાવ્યું કે ઠાકરે હંમેશા સાવરકરને હિન્દુત્વનો આત્મા માનતા હતા અને તેમની પૂજા કરતા હતા. વધુમાં, તેમણે આંદામાનની સેલ્યુલર જેલ (કાળા પાણી) માં સાવરકરે વિતાવેલા ૧૧ વર્ષના કઠોર સંઘર્ષ અને દેશની આઝાદી માટેના તેમના બલિદાનને યાદ કરીને સોનિયા ગાંધીની નાગરિકતા અને ભારતીય ઇતિહાસની તેમની સમજ સામે પણ રાજકીય સવાલો ઉઠાવ્યા છે.મહારાષ્ટ્રના રાજકારણમાં સાવરકરનું સ્થાન અને વૈચારિક ખાઈ આ વિવાદને માત્ર એક પુસ્તક પૂરતો મર્યાદિત રાખીને

સરદારબાગના સૌંદર્યમાં સ્ફુરિત થતું બાળપણ



ફ્રાઇડે ફોટો સ્ટોરી

-જયદીપ એન. ઠાકર

ભાવનગર શહેરના મધ્ય ભાગમાં સ્થિત પીલ ગાર્ડન અને હવે સરદારબાગ તરીકે જાણીતું આ સ્થળ તેના નૂતન સૌંદર્યથી ભાવેણાવાસીઓના હૃદયમાં અનોખું સ્થાન ધરાવે છે. ત્યાં કાર્યરત ફુવારા આબાલવૃદ્ધમાં અનેરું આકર્ષણ જન્માવે છે. વાદળી આકાશની વિશાળ છત્રછાયા નીચે પાંગરતું અહીંનું સૌંદર્ય, હરિયાળીથી સભર વનરાજી અને શાંતિપૂર્ણ પ્રાકૃતિક વાતાવરણ આ સ્થળને વિશેષ બનાવે છે. વર્તુળાકાર જળકુંડની મધ્યમાંથી આકાશને આંબવા ઊછળતી પાણીની ધળધારા અને તેની સાથે સંસ્ફુરિત થતું બાળપણ જાણે ધરતીના હૃદયમાંથી પ્રગટતી આનંદની અભિવ્યક્તિ બની રહે છે.

ધાર્મિક પાત્રોની વિશેષ વાતો

આપણે ત્યાં આવતાં ધાર્મિક પાત્રોનાં જન્મ કે પ્રાદુર્ભાવ વિશે અલગ તથા વિશેષ માહિતી મળી આવે છે જે આ પ્રમાણે છે :

(૧) શિવજી : શિવજી અજન્મા છે તેમના પ્રાદુર્ભાવ વિષે કોઈ માહિતી નથી.

(૨) પાર્વતી : પાર્વતી હિમાલય પર્વતનાં પુત્રી છે તેથી પાર્વતી કહેવાયાં છે.

(૩) પ્રભુ શ્રીરામ ચાર ભાઈઓ : રાજા દશરથે પુત્ર કામેષ્ટિ યજ્ઞા કરેલ અને અગ્નિદેવે આપેલ પાત્રમાં રહેલ યજ્ઞા પ્રસાદી (માટી)માંથી ચારે ભાઈઓની માતા પુત્રવતી બની હતી. માટી ખાવાથી ચારેય માતાઓની કુખે ચાર ભાઈઓ અવતર્યા હતા.

(૪) રાધાજી : બરસાનામાં યજ્ઞા માટે ખેતર (જમીન) સાફ કરતી વખતે રાધાજી પ્રગટ થયાં હતાં.

(૫) કુંભજ ઋષિ : કુંભમાંથી તેનો જન્મ થયો હતો. તેમનું બીજું નામ અગત્સ્ય હતું. રામાયણ કાળમાં રામજી અગત્સ્યના આશ્રમે પધાર્યા હતા.

(૬) કર્ણ : કુંતીને કુમારી અવસ્થામાં પુત્ર પ્રાપ્ત થયો હતો તેથી તેને એક પેટીમાં સુવાડી પાણીમાં વહેવડાવી દેવામાં આવેલ.

(૭) અશ્વત્થામા : ગુરૂ દ્રોણ અને કૃપીનો પુત્ર. જન્મ વખતે ઘોડા જેવો અવાજ કાઢેલો તેથી અશ્વત્થામા નામ પાડવામાં આવ્યું.

(૮) અષ્ટાવક્ર : કહોડ ઋષિ અને સુજાતાનો પુત્ર પિતાના ગુસ્સાને લઈને શાપનો ભોગ બની આઠેય અંગે વાંકો જન્મ્યો હતો.

(૯) અહલ્યા : ગૌતમ ઋષિના શાપથી શીલા (પથ્થર) સ્વરૂપે બની ગયેલી. પ્રભુ શ્રી રામના ચરણ સ્પર્શથી પુનઃ મુળ સ્વરૂપે અવતરિત થઈ.

(૧૦) ઋશ્યશ્રૃંગ : કપાળ પર (શ્રૃંગ) હરણના શીંગડાં જેવું શીંગડું હોવાથી ઋશ્યશ્રૃંગ નામ રખાયું.

(૧૧) મધુ-કૈટભ : મધુ અને કૈટભ નામના દૈત્યો વિષ્ણુના કાનમાંથી પેદા થયેલા.

(૧૧) બ્રહ્માજી : બ્રહ્માજી ભગવાન વિષ્ણુના નાભિકમળમાંથી પેદા થયેલા અને તેમને ચાર મુખ હતા.

(૧૨) ઘટોત્કચ : ભીમ તથા હિડીબાનો પુત્ર જન્મ સમયે ઘડા જેવું માથું મળ્યું હતું.

(૧૩) જરાસંધ : જન્મ્યો ત્યારે તેના શરીરના બે ટુકડા હતા. જરા નામની રાક્ષસીએ તેને ભેગા કરી સાંધ્યા હતા તેથી જરાસંધ નામ રખાયું.

(૧૪) ધનવંતરી : સમુદ્રમંથનમાંથી નીકળેલાં ૧૪ રત્નોમાંથી એક. આયુર્વેદના જનક હતા. હાથમાં અમૃત કુંભ લઈને જન્મ્યા હતા.

ગાયત્રીનું મહત્વ

આધુનિક યુગમાં પણ એવા અનેક મહાત્માઓ થઈ ગયા છે. જેમણે ગાયત્રી ઉપાસનાનો આશ્રય લઈને પોતાના આત્મબળ તથા બ્રહ્મતેજમાં અપાર વૃધ્ધિ કરી હતી. તેમના ઈષ્ટ દેવ ભલે જુદા હોય એમ છતાં વેદમાતા ગાયત્રી પ્રત્યે તેઓ અનન્ય શ્રદ્ધા ધરાવે છે

પહેલવાનને અખાડા તથા વ્યાયામશાળાની જરૂર પડે છે. શિક્ષકોને પાઠશાળાની અને વૈજ્ઞાનિકોને પ્રયોગશાળાની જરૂર પડે છે તે જ રીતે સાધક, તથા ઉપાસકને આત્મામાં પરમાત્માની અનુભૂતિ કરી પરમાનંદ તથા બ્રહ્માનંદ મેળવવા માટે એક આધ્યાત્મીક સાધના કેન્દ્રની જરૂર પડે છે.

આધ્યાત્મીક ઉપાસના અનેક પ્રકારે કરી શકાય છે. પરંતુ એ બધામાં ગાયત્રી ઉપાસનાનું સ્થાન સર્વોપરિ અને સૌથી વધારે મહત્વનું છે. ગાયત્રી ઉપાસના એકાગ્ર ચિત્તથી, નિયમિત રીતે અને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે તો આધ્યાત્મીક સિધ્ધિઓ અને બ્રહ્માનંદ તેમજ ભૌતિક સુખસમૃદ્ધિ અવશ્ય મળે છે.

શાસ્ત્રો કહે છે ગાયત્રી વેદમાતા, દેવમાતા, વિશ્વમાતા તથા કામધેનું છે. ગાયત્રી સાર્વભૌમ મંત્ર છે. તેની સાધના કદાપિ નિષ્ફળ જતી નથી. સાધના, ઉપાસના, આરાધના કરવી અનિવાર્ય છે. કારણકે જે રીતે રમતના મેદાનમાં પરિશ્રમ કર્યા વગર કોઈ ખેલાડી બની શક્તો નથી અને અખાડામાં ઉતર્યા વગર કોઈ પહેલવાન બની શક્તો નથી એ જ રીતે નિયમિત ઉપાસના તથા સાધના કર્યા વગર કોઈ પણ માણસ સાધક બની શકતો નથી.

ઉપાસનાના સાચા સ્વરૂપને સ્પષ્ટ કરતાં શ્રીરામ-શર્મા આચાર્ય તેમના પુસ્તક 'મારું વીલ અને વારસો' મા લખે છે કે ઉપાસનાના નામે મોટાભાગે એવી ભૂલ થાય છે અને લોકો એવું ખોટું સમજે છે કે ભગવાનને બિચારાને પ્રસાદ નૈવિદ્ય, નાળિયેર, ઈલાયચી વગેરે વસ્તુઓ કદાપિ મળતી નથી અને જો હું તેમને આ બધું ચઢાવીશ તો તેઓ ખૂશ થઈને ખૂબ કૃપા કરજો. જો હું તેમની સ્તુતિ તથા પાઠ કરીશ તો જાગીરદારની જેમ તેઓ પોતાની પ્રશંસા સાંભળીને ખુશ થઈ જશે અને મને માલામાલ કરી દેશે. આવી બધી બાળરમતથી ભગવાનને ફોસલાવી શકાય છે તથા ખુશ કરી શકાય છે અને આપણી મનોકામનાઓ પૂરી કરી શકાય છે પછી ભલે તે યોગ્ય હોય કે અયોગ્ય, ન્યાય સંગત હોય કે અન્યાયપૂર્ણ હોય, છતાં પણ ભગવાન તેમને પૂરી કરી દેશે.

વાસ્તવમાં ઉપાસનાનો સાચો અર્થ છે- પોતાના ઈષ્ટદેવ પાસે બેસીને તેમના દિવ્યગુણોને પોતાના જીવનમાં ધારણ કરવા. ભગવાન આપણી મરજી પ્રમાણે નહિ નાચે. આપણે જ ભગવાનના ભક્ત બનીને તેમના ઈશારા તથા આદેશ પ્રમાણે ચાલવું પડશે.

જો આપણે એ પ્રમાણે કરીશું તો જ આપણે દિવ્યલાભ પ્રાપ્ત કરી શકીશું.

આગ ઈંધણ બની શક્તી નથી, પરંતુ ઈંધણ પોતે જ અગ્નિને સમર્પિત થઈ જઈને આગ બનવું પડે છે. ભક્તે ભગવાનના ઈશારે કઠપૂતળીની જેમ નાચવું પડે છે. ભક્તે સમર્પણ કરવું પડે છે. વરસાદના કે પાણીના ટીપાએ સમુદ્રમાં ભળવું પડે છે. પછી તે પોતે પણ વિશાળ સમુદ્ર બની જાય છે. આ ઉપાસનાનું સાચું તત્ત્વદર્શન છે. જે ભગવાનની પાસે બેસવા ઈચ્છતા હોય તેણે ભગવાનના અનુશાસનનો સ્વીકાર કરીને ભગવાનના અનુયાયી તથા સહયોગી બનવું પડે છે.

ગાયત્રી મહામંત્રની આટલી બધી મહત્તા હોવાના કારણે જ પરાપૂર્વથી આપણા ઋષિઓ, મહર્ષિઓ તથા મહાપુરુષો ગાયત્રીની ઉપાસના તથા તપશ્ચર્યા કરતા રહે છે, વશિષ્ઠ, અત્રિ, યાજ્ઞાવલ્કય, વિશ્વામિત્ર, વેદવ્યાસ, શુકદેવ, દધીચિ, વાલ્મીકિ, કણ્વ, ચ્યવન, લોમશ, દુર્વાસા, પરશુરામ, દત્તાત્રેય, અગસ્ત્ય, સનતકુમાર, શૈનક વગેરે ઋષિઓના જીવન તરફ જો દૃષ્ટિપાત કરીએ તો સ્પષ્ટ રૂપે સમજાઈ જશે કે તેમની મહાનતા અને સફળતાનું મૂળ કારણ તેમની ગાયત્રી સાધના જ હતી.

આધુનિક યુગમાં પણ એવા અનેક મહાત્માઓ થઈ ગયા છે. જેમણે ગાયત્રી ઉપાસનાનો આશ્રય લઈને પોતાના આત્મબળ તથા બ્રહ્મતેજમાં અપાર વૃધ્ધિ કરી હતી. તેમના ઈષ્ટ દેવ ભલે જુદા હોય એમ છતાં વેદમાતા ગાયત્રી પ્રત્યે તેઓ અનન્ય શ્રદ્ધા ધરાવે છે.

ગાયત્રી માતાનું સ્તનપાન કરીને જ અસાધારણ પ્રતિભા, પ્રચંડ આત્મબળ તથા બ્રહ્મબળ પ્રાપ્ત કરીને મહાપુરુષ બની શકયા.

સાઇબર ફ્રોડ સામે જાગૃતિ એ જ સૌથી મોટી સુરક્ષા

આજના સમયમાં ડિજિટલ સુવિધાએ આપણું જીવન ઘણું સરળ બનાવી દીધું છે. ઘરે બેઠા બિલ ભરવું, પૈસા મોકલવા, સામાન મંગાવવો અને રોકાણ કરવું હવે થોડી મિનિટનું કામ બની ગયું છે. પરંતુ આ સરળતાની સાથે જ એક મોટું જોખમ પણ જન્મ્યું છે. એ જોખમનું નામ છે "ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડ". લોકોની ઝડપથી વધુ કમાવાની ઇચ્છા એ આ ગુનેગારો માટે સૌથી મોટું હથિયાર બની ગઈ છે. તેઓ જાણે છે કે માણસને જ્યારે ઓછી મહેનતે વધુ નફાની વાત સંભળાય છે ત્યારે તેનું મન ડગમગી જાય છે. આ નબળાઈને પકડીને તેઓ આખું તંત્ર ગોઠવે છે. આ કોઈ એક વ્યક્તિની ભૂલ નથી, આ આખી ટોળકીનું આયોજન હોય છે. જુદા જુદા લોકો જુદી જુદી ભૂમિકા ભજવે છે. કોઈ મેસેજ મોકલે છે, કોઈ ગ્રુપમાં વાત કરે છે, કોઈ એપ બનાવે છે અને કોઈ ફોન કરીને વિશ્વાસ જીતે છે. સામાન્ય માણસને એવું લાગે કે તે કોઈ મોટી કંપની સાથે વાત કરી રહ્યો છે, પણ ખરેખર તે છેતરપિંડીની જાળમાં ફસાઈ રહ્યો હોય છે. તમે રોકાણ કરો છો તે પણ ઓનલાઈન પડાવી લેનાર ચાલાક લોકોની ટોળકી સક્રિય હોય છે.

રોકાણ એટલે શું તે પહેલા સમજવું જરૂરી છે. રોકાણ એટલે આજે પોતાની મહેનતની કમાણીમાંથી થોડો ભાગ બાજુએ મૂકીને ભવિષ્યમાં તેને વધારવો. સાચું રોકાણ હંમેશા ધીરજ માંગે છે. તેમાં જોખમ પણ હોય છે અને સમય પણ લાગે છે. કોઈ પણ સાચી યોજના રાતોરાત પૈસા બમણા કરી આપતી નથી. રોકાણના મુખ્ય પ્રકારો ઘણા છે. પહેલો પ્રકાર છે બેંક અને પોસ્ટની બચત યોજનાઓ. તેમાં ફિક્સ ડિપોઝિટ, રિકરિંગ ડિપોઝિટ અને પોસ્ટની યોજનાઓ આવે છે. તેમાં નફો ઓછો મળે છે પણ પૈસા સલામત રહે છે. બીજો પ્રકાર છે સરકારી યોજનાઓ જેવી કે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ અને સુકન્યા યોજના. તેમાં સરકારની ખાતરી હોય છે. ત્રીજો પ્રકાર છે શેરબજાર અને મ્યુચ્યુઅલ ફંડ. તેમાં પૈસા કંપનીઓના શેરમાં રોકાય છે. તેમાં નફો વધુ મળવાની શક્યતા હોય છે, પણ સાથે જોખમ પણ વધુ હોય છે. શેરના ભાવ ઉપર નીચે થતા રહે છે. ચોથો પ્રકાર છે સોનું અને ચાંદી. આપણા સમાજમાં વર્ષોથી સોનામાં રોકાણ કરવાની પરંપરા છે. સોનું લાંબા સમયે મૂલ્ય જાળવી રાખે છે. પાંચમો પ્રકાર છે જમીન અને મકાનમાં રોકાણ. તેમાં મોટી રકમ જોઈએ છે અને પૈસા લાંબા સમય સુધી રોકાઈ જાય છે.

ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડથી બચવું જરૂરી છે. પણ લોભ અને લાલચમાં આવીને માનવી પોતાના જીવનભરની મૂડી એક ક્ષણમાં ગુમાવી દે છે આ માટે શું સાવચેતી રાખવી જોઈએ તે જાણવું આજના ડિજિટલ યુગમાં અત્યંત જરૂરી છે. સાયબર ફ્રોડ એવી છેતરપિંડી છે જેમાં મોબાઇલ, કોમ્પ્યુટર, ઇન્ટરનેટ, સોશિયલ મીડિયા કે બનાવટી એપનો ઉપયોગ કરીને કોઈ વ્યક્તિને વિશ્વાસમાં લઈને તેના પૈસા, બેંકની વિગતો કે અંગત માહિતી ચોરી લેવામાં આવે છે. આમાં સામેની વ્યક્તિ દેખાતી નથી, પણ તેની માયાજાળ એટલી મોહક હોય છે કે સમજદાર માણસ પણ તેમાં આબાદ ફસાઈ જાય છે.

છઠ્ઠો પ્રકાર છે વીમા સાથે જોડાયેલી યોજનાઓ. તેમાં રક્ષણ અને બચત બંનેનો હેતુ હોય છે. સાતમો પ્રકાર આજકાલ ખૂબ ચર્ચામાં છે તે ડિજિટલ ચલણ અને ક્રિપ્ટો જેવા નવા સાધનો. તેમાં ભાવ ખૂબ ઝડપથી બદલાય છે, તેથી તેમાં સમજ વગર પૈસા મૂકવા એ ખૂબ જોખમી છે.હવે પ્રશ્ન એ છે કે આ દરેક પ્રકારમાં ફ્રોડ કઈ રીતે થાય છે. ફ્રોડની શરૂઆત લગભગ એકસરખી રીતે થાય છે. સોશિયલ મીડિયા, વોટ્સએપ, ટેલિગ્રામ કે ફેસબુક પર એક મેસેજ આવે છે. તેમાં લખ્યું હોય છે કે અમારી સાથે જોડાઓ, દરરોજ આટલો નફો મળશે, થોડા દિવસમાં પૈસા બમણા થશે. ક્યારેક કોઈ સુંદર ફોટાવાળી અજાણી વ્યક્તિ મિત્રતા કરે છે અને ધીમે ધીમે રોકાણની વાત કરે છે. આને લોકો પ્રેમ અને વિશ્વાસની છેતરપિંડી પણ કહે છે. માણસને એવું લાગે કે સામેની વ્યક્તિ પોતાનું ભલું ઈચ્છે છે, પણ ખરેખર તે તેને ફસાવી રહી હોય છે. એકવાર માણસે જવાબ આપ્યો એટલે તેને એક ગ્રુપમાં ઉમેરવામાં આવે છે. આ ગ્રુપમાં ઘણા લોકો હોય છે, પણ તેમાંના મોટાભાગના લોકો એ જ ટોળકીના હોય છે. તેઓ રોજ ખોટા સ્ક્રીનશોટ મૂકે છે. કોઈ કહે છે કે મેં દસ હજાર મૂક્યા હતા, આજે વીસ હજાર થઈ ગયા. કોઈ કહે છે કે મેં નવી ગાડી લીધી. આ બધું વાંચીને નવા માણસને પણ લાલચ થાય છે. તેને લાગે છે કે બધા કમાઈ રહ્યા છે તો હું કેમ પાછળ રહું.? વિશ્વાસ બેસી જાય પછી બીજો તબક્કો શરૂ થાય છે. તેને એક એપ ડાઉનલોડ કરવાનું કહેવામાં આવે છે. આ એપ દેખાવમાં બિલકુલ સાચી ટ્રેડિંગ એપ જેવી

આસપાસ યોપાસ — સુરેશ ભટ્ટ

લાગે છે. તેમાં ગ્રાફ હોય છે, આંકડા હોય છે, બેલેન્સ દેખાય છે. માણસ પહેલા નાની રકમ મૂકે છે. થોડા દિવસમાં તેને સ્ક્રીન પર નફો દેખાય છે. ક્યારેક તેને થોડો નફો ઉપાડવા પણ દેવામાં આવે છે, જેથી તેને પૂરો વિશ્વાસ બેસી જાય. આ નાનો નફો એ જ મોટી જાળનો ભાગ હોય છે. હવે માણસ લોભમાં આવીને મોટી રકમ મૂકે છે. પોતાની બચત, પત્નીના ઘરેણાં માટે રાખેલા પૈસા, બાળકોના ભણતર માટે રાખેલા પૈસા, ક્યારેક તો લોન લઈને પણ પૈસા મૂકી દે છે. શેરબજારના નામે આ ફ્રોડમાં તેને કહેવામાં આવે છે કે કોઈ ખાસ કંપનીનો શેર લેવાથી મોટો ફાયદો થશે, કોઈ ગુપ્ત માહિતી મળી છે. મ્યુચ્યુઅલ ફંડના નામે બનાવટી પોર્ટલ બનાવવામાં આવે છે. સોનાના નામે ઓનલાઈન સોનું ખરીદવાનું કહીને પૈસા લઈ લેવામાં આવે છે, પણ સોનું ક્યારેય મળતું નથી. ક્રિપ્ટોના નામે નવી કોઈ કોઈનમાં રોકાણ કરાવવામાં આવે છે, જેનું કોઈ અસ્તિત્વ જ હોતું નથી. જમીનના નામે બનાવટી દસ્તાવેજો બતાવીને પૈસા પડાવવામાં આવે છે.

જ્યારે માણસ પોતાના પૈસા પાછા લેવા માંગે છે ત્યારે જ અસલી ચહેરો સામે આવે છે. તેને કહેવામાં આવે છે કે તમારું ખાતું બંધ થઈ ગયું છે, ટેક્સ ભરવો પડશે, પ્રોસેસિંગ ફી ભરવી પડશે, વધુ પૈસા મૂકશો તો જ પૈસા છૂટશે. ગભરાયેલો માણસ ફરી પૈસા ભરે છે, પણ પૈસા પાછા આવતા નથી. અંતે તેનો નંબર બ્લોક કરી દેવામાં આવે છે, ગ્રુપમાંથી કાઢી મૂકવામાં આવે છે અને એપ પણ બંધ થઈ જાય છે. ત્યારે માણસને ખબર પડે છે કે તે લૂંટાઈ ગયો છે. આ આઘાત માત્ર પૈસાનો નથી હોતો, તે આખા પરિવારના સપનાનો આઘાત હોય છે. ઘણા લોકો શરમના કારણે કોઈને કહેતા પણ નથી. તેઓ મનમાં ને મનમાં મૂંઝાયા કરે છે, જે તેમના સ્વાસ્થ્ય અને સંબંધોને પણ નુકસાન પહોંચાડે છે.



આ પરિસ્થિતિમાંથી બચવા માટે સૌથી પહેલા આપણે એક વાત મનમાં બેસાડવી પડશે કે ઝડપથી પૈસા બમણા કરવાની કોઈ જાદુઈ યોજના હોતી નથી. જે યોજના વધુ નફાનું વચન આપે છે તે જ વધુ જોખમી હોય છે. કોઈ પણ રોકાણ કરતા પહેલા તે કંપની કે વ્યક્તિ સરકારમાં નોંધાયેલી છે કે નહીં તે તપાસવું જોઈએ. સેબી, રિઝર્વ બેંક કે સરકારી વેબસાઇટ પર તેનું નામ છે કે નહીં તે જોવું જોઈએ. અજાણ્યા ગ્રુપની સલાહ પર ક્યારેય રોકાણ કરવું નહીં. અજાણી લિંક પર ક્લિક કરીને બેંકની વિગતો, ઓટીપી કે પાસવર્ડ ક્યારેય આપવા નહીં. બેંક કે કોઈ સરકારી સંસ્થા ક્યારેય ફોન કે મેસેજમાં ઓટીપી માંગતી નથી. કોઈ પણ એપ ડાઉનલોડ કરતા પહેલા તે કોની છે, તેના વિશે લોકોએ શું કહ્યું છે તે તપાસવું જોઈએ. રોકાણ હંમેશા પોતાની સમજ અને પોતાની આવક પ્રમાણે કરવું જોઈએ. બધા પૈસા એક જ જગ્યાએ ક્યારેય મૂકવા નહીં. લોન લઈને કે ઉછીના પૈસા લઈને રોકાણ કરવું એ સૌથી મોટી ભૂલ છે.જો છતાં પણ કોઈની સાથે છેતરપિંડી થઈ જાય તો ગભરાવાને બદલે તાત્કાલિક પગલું ભરવું જોઈએ. સૌથી પહેલા પ્રથમ એક કલાક એટલે કે ગોલ્ડન અવરમાં સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફોન કરવો જોઈએ. આ સમયમાં જો ફરિયાદ થાય તો પૈસા બીજા ખાતામાં જતા અટકાવી શકાય છે અને પાછા મળવાની શક્યતા વધી જાય છે. સાથે સાથે નજીકના પોલીસ સ્ટેશનમાં કે સાયબર ક્રાઇમ પોર્ટલ પર ફરિયાદ નોંધાવવી જોઈએ. બેંકને તાત્કાલિક જાણ કરીને ખાતું સુરક્ષિત કરાવવું જોઈએ. જે મેસેજ, સ્ક્રીનશોટ, નંબર અને એપની વિગતો હોય તે સાચવી રાખવી જોઈએ, કારણ કે તે જ પુરાવા બને છે. શરમ કે ડરના કારણે ચૂપ રહેવાથી ગુનેગારોને વધુ હિંમત મળે છે. એક ફરિયાદ બીજા ઘણા લોકોને બચાવી શકે છે.

આપણે એ પણ સમજવું પડશે કે સાયબર સુરક્ષા માત્ર સરકાર કે પોલીસની જવાબદારી નથી. તે દરેક નાગરિકની જવાબદારી છે. ઘરમાં વડીલોને, બાળકોને અને ખાસ કરીને ઓછું ભણેલા લોકોને આ વિશે સમજાવવું જોઈએ. કારણ કે ગુનેગારો સૌથી પહેલા એવા લોકોને જ નિશાન બનાવે છે જેમને ડિજિટલ દુનિયાની ઓછી સમજ હોય છે. શાળા, સમાજ અને પરિવારમાં આ અંગે વાત થવી જોઈએ. આપણે એકબીજાને સાવચેત કરીશું તો જ આ જાળ તૂટશે. રોકાણ કરવું એ ખરાબ નથી, રોકાણ તો ભવિષ્ય માટે જરૂરી છે. પણ રોકાણ લાલચથી નહીં, સમજણથી કરવું જોઈએ. ધીરજ, તપાસ અને સાવચેતી એ જ સાચી કમાણીનો માર્ગ છે. એક ખોટું પગલું આખા પરિવારને મુશ્કેલીમાં મૂકી શકે છે, જ્યારે એક સાચી સાવચેતી આખા પરિવારનું ભવિષ્ય બચાવી શકે છે. માટે લાલચથી દૂર રહીએ, જાગૃત રહીએ અને સુરક્ષિત રહીએ એ જ આજના સમયનો સૌથી મોટો સંદેશ છે.

લોકોને એક સાથે લાવીને સિનેમાની ઉજવણી કરો: IFFI 2026 ખાતે ગુજરાતી ફિલ્મ 'લાલો – કૃષ્ણ સદા સહાયતે' એ દિલ જીતી લીધા

અંકિત ભૂપતભાઈ સખિયા દ્વારા દિગ્દર્શિત ૨૦૨૫ ની ગુજરાતી આધ્યાત્મિક નાટ્ય ફિલ્મ 'લાલો – કૃષ્ણ સદા સહાયતે' આજે ગોવામાં ૫૭મા ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ (IFFI) ૨૦૨૬ ના ઇન્ડિયન પેનોરમા વિભાગમાં પ્રદર્શિત કરવામાં આવી હતી. આ ફિલ્મ મુશ્કેલીભર્યા ભૂતકાળ અને ગરીબીનું જીવન જીવતા એક સંઘર્ષશીલ રિક્ષાચાલકની વાર્તાને અનુસરે છે, જે એક દૂરના ફાર્મહાઉસમાં ફસાઈ જાય છે, જ્યાં તે પોતાના અપરાધભાવનો સામનો કરે છે અને ભગવાન કૃષ્ણના દર્શન દ્વારા મુક્તિ મેળવવા પ્રયાસ કરે છે. આજે IFFI ખાતે પ્રેસને સંબોધતા, દિગ્દર્શક સખિયાએ ફિલ્મના નિર્માણ, તેના આધ્યાત્મિક વિષયો અને બોક્સ-ઓફિસ સફળતા સુધીની તેની અણધારી સફર વિશે વાત કરી



હતી.

